

# અંતરમેળ

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

જાન્યુઆરી-એપ્રિલ ૨૦૧૧ વર્ષ ૪ અંક ૧ પૃષ્ઠ ૮ રૂ. ૨/-

## ભારતની ધાર્મિકતાનું એ હાર્દ હજી જીવંત છે?



બીજે દિવસે સવારે નાસ્તા વખતે ટેબલ ઉપર મહત્ત્વની ચર્ચા થઇ કે જેમાં તેમની હમેશની નિરંતર તપાસની અંતર્દષ્ટિ વ્યક્ત થઇ હતી. તે દિવસે કૃષ્ણજીનો પ્રશ્ન હતો કે ભારતીય માનસનું પતન થઇ રહ્યું છે નહીં. એ વિષયની એક બેઠક કૃષ્ણજી જવાહરલાલ નહેરુ અને આચાર્ય કૃપલાણી જોડે ૧૯૩૧માં થઇ હતી તે વખતે અચ્યુતજી હાજર હતા એનો ઉલ્લેખ તેમણે કર્યો. અચ્યુતે કહ્યું કે ''નહેરુ અને કૃપલાણીજીને એમ લાગતું હતું. કે ભારતીય માનસનો પુનરુધ્ધર થાય તે પહેલાં ભારત માટે રાજકીય સ્વાતંત્ર્ય અનિવાર્યપણે આવશ્યક હતું.'' કૃષ્ણજીએ કહ્યું હતું કે જો સ્વાતંત્ર્ય સંગ્રામની પાછળ જો તેઓ આંતરિક પુનરુધ્ધારની ઉપેક્ષા કરશે તો ભારત તેનો માર્ગ ભૂલશે. નહેરુ જુવાન હતા. તેમનું સતર્ક અને દૂરંદેશ ધરાવતું સજાગ મન પુનરુધ્ધારના મહત્ત્વને સમજી ગયું. પરંતુ તેમને લાગ્યું કે ભારતીય માનસના વિકાસ અર્થે રાજકીય સ્વાતંત્ર્ય તો હોવું જોઇએ. એ બાબતમાં તપાસ કરી શકે એવો અવકાશ તો હોવો જોઇએ. તે સમયે અચ્યુત નહેરુ સાથે સહમત થયા હતા.

પરંતુ નહેરુ પ્રત્યે કૃષ્ણજીનો પ્રતિભાવ એ હતો કે ઇતિહાસમાં ભારત પહેલેથી પોતાની આધ્યાત્મની ભાવના પર જ ઊભું હતું. ''બૌધ્ધ ધર્મ ભારતમાંથી ચીન, જાપાન સમગ્ર પૂર્વ અને દૂર પૂર્વના દેશોમાં ફેલાયો. ભારતના તે ધાર્મિક સાર તત્ત્વનો વિશ્વ સાથે આજે શો સંબંધ છે?'' તેમણે જવાહરલાલ નહેરુને પૂછયું.

અચ્યુત ઊંડી લાગણીપૂર્વક બોલી રહ્યા હતા. અચ્યુતે જે કહ્યું તે કૃષ્ણજીએ શાંતિથી સાંભળ્યું. ત્યારબાદ તેઓ અમારી તરફ ફર્યા અનેપૂછયું શું એ સાર તત્ત્વ જીવંત છે? પશ્ચિમનું જગત, ખ્રિસ્તી જગત શ્રધ્ધા પર આધારિત ધાર્મિકતાનું સાર તત્ત્વ છે. ભારતમાં તે તત્ત્વ સિવાય સર્વેનો ઇન્કાર ધર્મના હાર્દના ભીતરમાં રહેલો હતો. શું હવે તે ધર્મનું હાર્દ એ બીજ શું અદશ્ય થઇ રહ્યું છે। જો તે હજી અસ્તિત્વ ધરાવતું હોય તો પશ્ચિમના અંતે તેનો મૂલ્યો પ્રત્યે કેવો પ્રતિભાવ છે?

કૃષ્ણજીએ અચ્યુતને કહ્યું તમે આ દેશની ધરતી જુદી જ હોવા વિશે કહ્યું હતું. પ્રાચીન કાળના વિદ્વાનો તે વ્યક્ત કરવા માટે તત્ અથવા બ્રહ્મ શબ્દનો ઉપયોગ કરતા. પ્રાચીનકાળમાં ધર્મ, જાતિ કે કર્મકાંડ પર આધારિત ન હતો તે સારતત્ત્વ સાથે નો સંબંધ જીવનને એક નવા માર્ગ પર દોરી ગયો. હવે, જે બીજ સદીઓથી ધરતીમાં સુપ્ત પડયું છે શું એજ બીજ માટે એ સંભવ છે કે તે અંકુરીત થાય એ શક્ય છે?

'' તે એવું બીજ છે કે જે જીવનને જાગ્રત કરે છે. અને પ્રતિભાવ આપે છે. બીજનું પ્રફુલ્લન એ પ્રતિભાવ છે.'' મે કહ્યું. ત્યારબાદ થોડા અઠવાડિયા પહેલાંનો મારી વારાણસીની મુલાકાતની ચર્ચા કરી. મેં કૃષ્ણજી અને એમના બોધ વિશે પંડિત જગન્નાથ ઉપાધ્યાય સાથે ચર્ચા-વિચારણા કરી હતી. તેઓ નાગાર્જુન પરંપરાના મહાયાન શાખાના પંડિત હતા. તેમણ કૃષ્ણજી સાથેની ચર્ચામાં ભાગ લીધો હતો. તેઓએ કહ્યું હતું, ''આપણે કૃષ્ણજીના તાર્કિક સિધ્ધાંત ને સમજવા જોઇએ. પરંતુ કૃષ્ણમૂર્તિનો મર્મ સૌંદર્યમય છે. એટલે કે અસ્તિત્વથી પૂર્ણપણે છલકાઇ રહ્યું છે. ત્યાર પછી તેમણે પોતાના ઘણા સાથીદારોની વાત કરી હિન્દુત્વના વર્તમાન વલણથી વ્યથિત થઇને શારીરિક તેમજ માનસિક આધાર માટે તેઓ બૌધ્ધ ધર્મ તરફ વળ્યા હતા. તેમણે આપણા સ્વયંને પૂછવા માટે સંવાદો યોજયા હતા કે જો આજે બુધ્ધ તેઓની વચ્ચે હોત તો તે શું કહેત તેમણે નિહાળ્યું કે કૃષ્ણજી જે કહી રહ્યા છે બરાબર તેજ બુધ્ધે કહ્યું હોત.

કૃષ્ણજીએ મારી વાત ધ્યાનપૂર્વક સાંભળી. પરંતુ હું જે કહી રહી હતી એ સ્વીકારવા માટે તેઓ તૈયાર ન હતા. તેમણે કહ્યું ''તમે બધા ભારતીય છો. તમે મારા પ્રશ્નનો જવાબ નથી આપતાં, ભારતીય સંસ્કૃતિથી તમે સભાન છો તેથી તમારે આ પ્રશ્નનો જવાબ આપવો જોઇએ. ભારતમાં જે કંઇ ચાલે છે તેથી તમે વાકેફ છો. વિવિધ ગુરુઓ, પંથો, સંપ્રદાયો અને તે સાથે એના હાર્દમાં જે કંઇ મહાન ઘટના બની તેના વિષે તમારામાં એક ચોક્કસ ભાવના હોવી જોઇએ. જો એ હાર્દતત્ત્વ હજુ પણ અસ્તિત્વમાં હોય તો એ તત્ત્વનો પશ્ચિમ સાથે પાશ્ચાત્ય ધર્મ અને સંસ્કૃતિ સાથે શો સંબંધ છે? પાશ્ચાત્ય ધર્મ અને સંસ્કૃતિ શ્રદ્ધા અને માન્યતા ઉપર આધારિત છે.'' ત્યારપછી કૃષ્ણજી પૂછયું, જો તેની સાથે કોઇ સંબંધના હોય તો શું તે બિંદુ છે કે જ્યાંથી નવા પુનરુધ્ધારનો ઉદય થઇ શકશે?

''જો તે સારતત્ત્વ તે કેન્દ્ર ભારતમાંથી અદશ્ય થઇ ગયું હોય. તો તેથી શું એવું છે કે પૂર્વ અને પશ્ચિમ એકબીજાની નજીક આવી રહ્યા છે?''

તેમણે કહ્યું એ દેખીતું છે કે આરંભકાળથી જ ભારતના લોકો પાસે એવું કાંઇક હતું કે જે શુધ્ધ હતું. સાચું હતું. તેઓ ગંભીરપણે ધાર્મિક હતા ધાર્મિકતા શબ્દના સાચા અર્થમાં ધાર્મિકતા હતી. ત્યાં બુધ્ધો અને પૂર્વ પ્રબુધ્ધો હતા કે જેઓએ ભારતની ભૂમિમાં પોતાના પદચિન્હો અંકિત કરી ગયા છે. વર્તમાન ભવિષ્યવેત્તા અને ગુરુઓનું વિશ્વ શું એવું સૂચવે છે કે મૂળ સત્યની બાબતમાં તે ઊંડાણમાં જઇ રહ્યું છે?

ખ્રિસ્તી વિશ્વમાં સંશયને કયારેય ધર્મનો ભાગ ગણવામાં આવ્યો નથી. અહીં સંશયનું ધાર્મિકતાની તપાસ માટેનો એકભાગરૂપે હમેશા અસ્તિત્વમાં રહ્યું છે. શું આ સંશયની ક્ષમતાનો ક્ષય થયો છે કે ઓસરી રહી છે? અને ધીરે ધીરે શ્રધ્ધાનું સ્વરૂપ ધારણ કરી રહી છે.

''તમે એ જુઓ છો કે ધાર્મિક તપાસમાં સંશય એ ભારતમાં અસ્તિત્વ ધરાવતી સહુથી અસાધારણ બાબત છે? ખ્રિસ્તી ધર્મ શ્રધ્ધાના પાયા ઉપર ઊભો હતો. સંશયવાદ સંદેહ કે પ્રશ્ન કરવા તેઓ માન્યતા વિરુધ્ધ પાખંડ ગણવામાં આવે છે માટે તેનો નિષેધ કરવામાં આવ્યો છે. ભારત અને એશિયાના જગતમાં સંશય એ ધાર્મિક સંશોધનનો એક સિધ્ધાંત હતો. શું તે અદશ્ય થઇ રહ્યો છે અને તેથી ભારત શું પાશ્ચાત્ય પ્રવાહમાં ભળી રહ્યું છે? અને જો સંશય અસ્તિત્વમાં હોય, તો તે શું ઓસરી રહ્યો છે અને આપણે તે જુસ્સો ગુમાવી રહ્યા છીએ? સંશયને અસાધારણ શુધ્ધિકરણના સાધન તરીકે ગણવામાં આવે છે.''

''સંશય ઔપચારિક પ્રશ્નોત્તર બની ગયો છે.'' રાધા બર્નિઅરે કહ્યું. ''હું વાસ્તવિક સંશય વિષે કહી રહ્યો છું એ સંશય માં સમાયેલી પુષ્કળ ઊર્જા વિષે કહી રહ્યો છું. તમે શું કહો છો પુપુલજી? તમે પૂર્વ અને પશ્ચિમ બન્નેનું મિશ્રણ છો.''

''થિયોસોફિકલ સોસાયટીમાં અને અમ્માામાં શરુઆતમાં એ ગુણ હતા. ડૉ. બેસન્ટે ખ્રિસ્તી ધર્મ છોડયો. તેમણે પોતાના પતિને છોડયા, ત્યારે ત્યાં સંશય હતો, અને ત્યારબાદ તે સંસ્થામાં ફસાઇ ગયા અને જુસ્સો ગુમાવી બેઠા. પરંતુ ભારતીય મન, મૂળ અસલ મન, સંશય પર ભાર મૂકે છે. સંશય તેની સ્પષ્ટતા સાથે, સંશય તેની અગાધ શક્તિ દ્વારા મનની ભ્રાંતિને દૂર કરી તેને શુદ્ધ કરે છે. શું ભારત તે ગુમાવી રહ્યું છે? તમે સમજયા? કારણ કેવળ સંશયથી જ તમે બ્રહ્મને પામી શકો છો, કોઇની સત્તાનો સ્વીકાર કરવાથી કે કોઇનું આધિપત્ય સ્વીકારવાથી પામી ન શકાય.'' કૃષ્ણજીએ કહ્યું.

''એ જ તો બુધ્ધે પણ કહયું છે,'' રાધાએ કહ્યું.

''શું આપણે તે ગુમાવી રહ્યા છીએ? આપણામાંના અમુક જ નહીં. પરંતુ ભારતીય માનસ. શું તે ગુણ, એ સ્પષ્ટતાની શોધનો પ્રયત્ન-સંશય, ગુમાવી રહ્યું છે? કૃષ્ણજી પ્રશ્નને આગળ ધપાવી રહ્યા હતા.

રાધાએ જવાબ આપ્યો, ''હું હજુએ માનું છું કે ભારતમાં સંશય અસ્તિત્ત્વ ધરાવે છે. પરંતુ તે સંશય પરંપરા બની ગયો છે. આપણે કેવળ ઔપચારિક ભાવે જ સંશય કરીએ છીએ. પશ્ચિમમાં સંશયે વૈજ્ઞાનિક શોધનું સ્વરૂપ ધારણ કર્યું છે. સંશય એ છે કે જેને કોઇ અખતરા દ્વારા પુષ્ટિ ન મળી હોય. ભારતીય મન વૈજ્ઞાનિક સંશોધનની દિશા તરફ વળ્યું છે.''

''અનુસરણની પાશ્ચાત્ય પરંપરા ભારતીય પ્રવાહમાં ભળી ગઇ છે.'' અચ્યુતે ઉમેર્યું.

''કૃષ્ણજીએ એમના બોધમાં નવું તત્ત્વ રજૂ કર્યું છે. સંશય તે છે જે જવાબની દિશા તરફ ગતિ કરતો ન હોય. 'સંશય' શબ્દનો ભારતના સંદર્ભ ઉપયોગ કરો ત્યારે સંશયમાંથી તરત જ શોધ ઉછળીને બહાર આવે છે.'' મેં કહ્યું.

''હું શું છું, હું કોણ છું?'' આ ભારતીય પ્રશ્ન છે આ પ્રશ્નને કોઇ દિશા નથી?'' અચ્યુતે સ્પષ્ટતા કરી.

''અલબત્ જો તમારી પાસે સંશય અમુક દિશાના આશય તરફી હોય ત્યારે તેનો અર્થ તદ્દન જુદો જ થાય છે.'' કૃષ્ણજીએ કહ્યું.

''જેની પાછળ કોઇ શોધ નથી એવા સંશયનું ભારતીય પ્રવાહમાં કોઇ અસ્તિત્વ નથી. કૃષ્ણજીના સંશયમાં મનની તત્કાળ સ્થગિતતા રહેલી છે.'' મેં કહ્યું.

''હું ખરેખર એક બહુજ ગંભીર પ્રશ્ન પૂછી રહ્યો છું. હું એ શોધી કાઢવા ઇચ્છું છું. કે ભારતીય માનસ ભૌતિકવાદના મોજામાં ફસાઇ ગયું છે કે નહીં. આ મોજું કે પ્રવાહ પાશ્ચાત્ય જગતને ડરાવી રહ્યું છે. તે પોતાના તંત્રજ્ઞાન, ભૌતિકવાદ અને રાષ્ટ્રવાદ દ્વારા એ વ્યક્ત કરી રહ્યું છે. પાશ્ચાત્ય માનસ બાહ્ય દિશામાં ગતિ કરી રહ્યું છે અને તે વિશ્વ પર વર્ચસ્વ ધરાવે છે. તે જ પ્રમાણે ભારત તેની પાસે જે હતું તે ગુમાવી રહ્યું છે? શા ઉપરથી એ બાબતનો ખ્યાલ આવે કે તે તેને ગુમાવી રહ્યું છે?''

મેરી ઝિમ્બાલીસ્ટે પ્રશ્ન કર્યો, ''શું તમે એમ પૂછી રહ્યા છો ભારતના આધાર સમુ અનન્ય ચૈત્યન્ય નિષ્ફળ થઇ રહ્યું છે? એમ કોઇ કેવી રીતે કહે?''

''તમે તે પ્રશ્નનો જવાબ આપી શકો? શું તમે તે અનુભવી શકો તેની અંદર શોધ કરી શકો? શું પુપુલ કે અચ્યુતને આ દેશમાં શું ચાલી રહ્યું છે તેની અનૂભતી કે પ્રતીતિ છે? તમે બાહ્ય જગતના માપ પ્રમાણે આંતરિક જગતમાં જશો?'' કૃષ્ણજીએ પૂછયું ''અનન્ય તો ત્યાં પહેલેથી જ છે. હું તમને ઘણી સરળતાથી કહી રહ્યો છું. ભારત તેના કેન્દ્રમાંથી ચલાયમાન થઇ ગયું છે. અને તે કેન્દ્ર આંતરિક શોધ, નૃત્ય, સંગીત અને સાંસ્કૃતિક અભિવ્યક્તિ દ્વારા આખા એશિયા ખંડમાં ફેલાય ગયું છે. પાશ્ચાત્ય જગત માન્યતામાં કેન્દ્રિત થયું છે.જે ખુબ જ છીછરુ છે. તે છીછરાપણું તે ભૌતિકવાદ શું તેને મહાન કરે છે? આનું નિરીક્ષણ ઘણું જ મહત્ત્વનું છે. શું આપણે ભારતમાં તેની બાહ્ય અભિવ્યક્તિ જોઇ શકીએ તેઓની નોકરશાહી, તંત્રજ્ઞાન, વિજ્ઞાન, અણુંશક્તિ વગેરે દ્વારા પાશ્ચાત્ય વલણનું અનુસરણ કરીએ છીએ અને આથી આ દેશનું મૂળ પ્રાચીનકાળનું અસલ સારતત્ત્વ ધીમે ધીમે કરમાઇ રહ્યું છે? ભારત એક જ બાબતમાં કેન્દ્રિત હતું અને તેથી તેમાં એક અગનજવાળા હતી જે આખા વિશ્વમાં ફેલાઇ હતી. અત્યારે આ ભારતીય સારતત્ત્વનું શું થઇ રહ્યું છે?''

કૃષ્ણજીનો આ વેધક પ્રશ્ન અને તેમના અવધાનની જ્યોત અમારા મનને પ્રજ્જવલિત કરી રહી હતી.

*પુપુલ જયકર લિખિત J. Krishnamurti - A Biography, પ્ર ૩૬*

## સંપાદકીય

આપણે આગળના અંકમાં શબ્દ અને તેની મર્યાદા એનો વિચાર કરતા, તે શબ્દ વિશાળ, વિવિધ માનવ સંસ્કૃતિનો પાયો છે એવું જણાય છે. શબ્દની મર્યાદા એ સંસ્કૃતિની મર્યાદા છે. શબ્દના ઉગમમાં જ સંસ્કૃતિનો ઉગમ છે. શબ્દો એ સંસ્કૃતિને આકાર આપ્યો છે. અને સંસ્કૃતિને જીવંત રાખી છે. માનવવંશ શાસ્ત્રજ્ઞ અને માનસશાસ્ત્રીઓના સંશોધન પ્રમાણે શબ્દની ઉત્પતિ પહેલાં માનવ શારીરિક હાવભાવથી પોતાની ભાવના અને હેતુ વ્યક્ત કરતો હતો જેને મગજના કેન્દ્ર દ્વારા મનના હેતુ અને ભાવનાને ચાલ મળતી, તેજ કેન્દ્ર દ્વારા જીભ, હોઠ, ગળુ વગેરેને ગતિ કે ચાલ મળે છે અને અવાજની સહાયથી તે શબ્દમાં રૂપાંતરિત થાય છે. શબ્દોએ વિચારને ગતિ અને અવાજ આપ્યો. તે શબ્દ સિવાય સંસ્કૃતિનું પોષણ સંભવ નથી. સંસ્કૃતિનો આપ-સંસ્કાર, પરંપરા દ્વારા થાય છે. સંસ્કૃતિ એટલે વિચાર, સાહિત્ય મૂલ્યો, ધર્મ, શ્રધ્ધા, કલા, નાટક, વ્યાપાર, રાજકરણ, સામાજિક બાબત. ચાલચલગત એવું બધું જ કંઇ જેમાં સમાયેલું છે.

વિશ્વમાં જુદા જુદા ભાગમાં ભૌગોલિક કે અન્ય કોઇ કારણોને લઇ સંસ્કૃતિનો ઓછોવત્તો વધારો થયો છે. તેમાં સ્થળ અને કાળ પ્રમાણે અલગતા દેખાય છે. પણ આ સર્વ કંઇ વિચારની પેલે પારનું નથી. સારી માનવજાતિ એક જ પ્રવાહમાં પ્રવાહિત છે. પૂર્વની સંસ્કૃતિ, પશ્ચિમની સંસ્કૃતિ, પ્રાચીન કે તેના પહેલાની ઉચ્ચ કે કનિષ્ઠ એવી રીતે સંસ્કૃતિની ગણના કરવામાં આવે છે. પરંતુ કૃષ્ણમૂર્તિ જેને ધાર્મિક મન કહે છે તે એક એવું મન છે કે જે પ્રતિક્ષણ કંઇક નવું શીખવાની અવસ્થામાં હોય છે. તેવા મનને આ કહેવાતી સંસ્કૃતિ સાથે કસી જ લેવાદેવા નથી કે સંબંધ નથી. ઉલટાનું આ સંસ્કૃતિને ચીટકી રહેલું મન એ ધાર્મિક મન માટે આડખીલીરૂપ છે.

કૃષ્ણમૂર્તિ આપણને એ બાબતનું સૂચન કરવા ચાહતા હશે કે આ પ્રવાહનો સ્ત્રોત સંસ્કાર - જે સંસ્કૃતિ માટે કારણભૂત છે તેની પ્રક્રિયાને સમજવામાં કદાચિત તે અવસ્થાનો સંભવ છે કે જે વિચાર, કલ્પના અને મર્યાદાની બહાર છે. પણ તે અવસ્થાને આપણે આદર્શ કે કલ્પનાના સ્વરુપમાં રૂપાંતરિત કરીએ તો ફરી પાછા આપણે તે કુંડાળામાં સપડાય જઇએ છીએ. જે કંઇ જૂની ભ્રામકતા છે તે એક ભ્રમ છે એ સત્યની સમજમાં બીજો ભ્રમ કે ભ્રામિકતા ઉદ્‌ભવતી નથી. આપણા સમાજની અંદર, કુટુંબની અંદર જતન અને તેને અનુરૂપ સંસ્કાર પ્રમાણે જીવન જીવવાનું ઘણું બધું મહત્ત્વ આપવામાં આવે છે. અને આ રીતે સંસ્કૃતિનું નિર્માણ થાય છે અને તે આપણા જીવનમાં કેવી બંધનકારક બની જાય છે. આ વાસ્તવિકતાનું તટસ્થ રહી નિરીક્ષણ કરવાથી તેમાંથી મુક્ત થવાનો માર્ગ જડી શકે.

જૂના મૂલ્યો, નીતિમતા જ્યારે પ્રગતિમાં અવરોધક બને છે, ત્યારે આપણે તેનો ત્યાગ કરીએ છીએ અને એવા ત્યાગને આપણે ક્રાંતિ તરીકે ગણીએ છીએ. પરંતુ આ ક્રાંતિ ઉપરઉપરની ક્રાંતિ છે. કારણકે આવી ક્રાંતિ પછી જે નવા મૂલ્યો અસ્તિત્વમાં આવે છે તે ફરીથી નવી સંસ્કૃતિ બને છે. કાળાંતરે ફરી પાછા તેમાં આપણે અટકી જઇએ છીએ માટે જ્યાં સુધી મનુષ્યના મનનું આમૂલગ્રા પરિવર્તન થતું નથી ત્યાં સુધી સમાજમાં પરિવર્તન અશકય છે. સંસ્કૃતિમાં સમાજમાં આવા ઉપરછલ્લા પરિવર્તનો મૂળભૂત પરિવર્તન લાવી શકે નહીં, કારણકે આપણે સ્વયંને સમજી શક્યા નથી, એમ લાગે છે. માટે જ કૃષ્ણમૂર્તિ આપણને આપણા દૈનિક જીવનમાં આપણા સ્વયંને અધિકાધિક સમજવા માટે આપણને વારંવાર પડકારે છે.

## વર્ણન એ વર્ણિત વસ્તુ નથી

આપણે કહી રહ્યા હતા સંસ્કૃતિ વિષે, એ સંસ્કૃતિ કે જેમાં આપણે રહીએ છીએ – આ સંસ્કૃતિમાં આર્થિક અનુબંધનો, ધાર્મિક વિભાજનો, વર્ગીય ઘર્ષણ નથી? વિવિધ સ્વરૂપે અનુકરણ વગેરે છે. તે બધાએ આપણી અંદર આપણા પોતાના વિષે એક છાપ ઊભી કરી છે – શું એવું નથી? એટલે કે તમારા મનમાં તમે તમારા વિષે એક છાપ ધરાવો છો, શું નથી ધરાવતા? એક જ છાપ નહિ, કદાચ પાંચ-છ. આવી છાપ કઈ રીતે ઉદ્‌ભવે છે? આવી બધી છાપ સર્જી કોણે? ચોક્કસપણે એમ કહી શકાય કે સંસ્કૃતિએ કે જેમાં આ ધાર્મિક, માનસિક, શૈક્ષણિક, પર્યાવરણની, આર્થિક બાબત વગેરેનો સમાવેશ થાય છે તેણે માનવી મનમાં હું શું છું અથવા મારે શું હોવું જોઈએ જેવી છાપનું સર્જન કર્યું છે. ખરું? મને લાગે છે કે આ વિષે બે મત નથી. જો હું કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાં જન્મ્યો હોઉ તો હું તેને બચપણથી સ્વીકારી લઉ છું – હું મારા જીવન દરમિયાન કેથલિક અથવા પ્રોટેસ્ટન્ટ, અથવા હિંદુ કે સામ્યવાદી, રાષ્ટ્રવાદી કે જે હોય તે વિષે એક છાપ ધરાવું છું. અને આ છાપ (મારા મનમાં) ઊંડે સુધી ઘર કરી ગઈ હોય છે, તે એક ફોર્મ્યુલા છે (માળખું છે). હું એ ફોર્મ્યુલાને આધારે જીવું છું. આ ફોર્મ્યુલા જ હું છે. કૃપા કરી આનું નિરીક્ષણ કરો. તેનું મે કરેલા વર્ણનનું તમે નિરીક્ષણ કરો એમ નથી કહેતો પરંતુ તે હકીકતનું નિરીક્ષણ કરો એમ કહું છું. તમને સમજાયું? જે વર્ણન છે તે વર્ણિત (વસ્તુ) નથી. ખરું? હું પર્વતનું વર્ણન કરી શકું પરંતુ એ વર્ણન પર્વત નથી.

*સાનેન ૧૯૭૨, વાર્તાલાપ ૪*

## સમગ્ર સંસ્કૃતિ વિચાર ઉપર આધારિત છે

તો આપણી સમસ્યા એ છે કે શું વિચાર ગહન માનસિક ક્રાંતિ લાવશે? અને એ નવી ક્રાંતિ સંપૂર્ણપણે તથા તત્કાલ થાય એ જરૂરી છે. જે સંસ્કૃતિ ઉપર આખુયે પાશ્ચાત્ય જગત અને અમુક અંશે પૂર્વ પણ આધારિત છે તે સંપૂર્ણ સંસ્કૃતિ વિચાર ઉપર આધારિત છે. અને વિચાર પરિમેય એટલે કે માપી શકાય તેવો છે. આ વિશ્વનું સામાજિક, આર્થિક અને માનસિક બંધારણ કે જેમાં આપણે રહીએ છીએ તે પણ મૂળભૂતપણે પરિમેય છે કારણ કે તે તર્કબધ્ધ હોય કે નહીં પણ તે વિચાર દ્વારા ઉદ્‌ભવી છે.

હું તમારું ધ્યાન એક રસપ્રદ મુદ્દા ઉપર, એક સમસ્યા ઉપર દોરવા માગું છું: પશ્ચિમ અને તેની સમગ્ર સંસ્કૃતિ તેનાં ધર્મ વિચારની નીપજ છે અને વિચાર હમેશા પરિમેય (માર્યાદિત) હોય છે. કારણ કે વિચાર સ્મૃતિનો પ્રતિભાવ છે. વિચારને જ્ઞાન તરીકે સ્મૃતિમાં મગજમાં, તેના કોષોમાં સાચવે છે. અને પૂર્વની સંસ્કૃતિ એમ કહે છે કે જે માપી શકાય છે તે ભ્રમણા છે. આપણે અપરિમેયને એટલે કે ઈશ્વરને અથવા તમે તેને જે કહો તેને જે માપી શકાય તેનાથી (પરિમેય) શોધી શકીએ નહિ. કૃપા કરીને એ બંને વચ્ચેનો તફાવત જુઓ અહીં, પશ્ચિમમાં, વિચારે અસાધારણ વિશ્વ ઉત્પન્ન કર્યું છે – ટેકનોલોજીમાં, તમે ચંદ્ર ઉપર પણ જઈ શકો, સમુદ્રમાં વસી શકો, અસાધારણ યંત્રો ધરાવી શકો, સારી તંદુરસ્તી પામી શકો વગેરે વગેરે. પૂર્વનાં લોકોએ અપરિમેયને શોધવા પાછળ સમગ્ર ભૌતિક, માનસિક વિશ્વની સદંતર ઉપેક્ષા કરી છે. પરંતુ તેમણે પણ વિચારને જ એ માટે જ કામે લગાડ્યો છે, તેથી તેઓ એવી આશા સેવે છે કે તેઓ વિચાર દ્વારા અપરિમેયને શોધી શકશે પામી શકશે તમે આ છેતરપિંડી જુઓ. તમને આ બધું સમજાય તો તે સારી વાત છે.

*રોમ ૧૯૭૧, વાર્તાલાપ*

## તમારે નવી સંસ્કૃતિનું સર્જન કરવું જ રહ્યું

નવું વિશ્વ જરૂરી છે. નવી સંસ્કૃતિ જરૂરી છે. જૂની સંસ્કૃતિ નાશ પામી છે, તેનું દફન થઇ ગયું છે, તેને અગ્નિદાહ આપી દેવામાં આવ્યો છે, એક ઘડાકામાં તેના ફુરચા નીકળી ગયા છે, તેનું બાષ્પીભવન થઇ ગયું છે. તમારે નવી સંસ્કૃતિનું સર્જન કરવું જ રહ્યું. નવી સંસ્કૃતિનું સર્જન હિંસાના પાયા ઉપર ન થઇ શકે. નવી સંસ્કૃતિનો આધાર તમારા ઉપર છે કારણ કે જૂની પેઢીએ તો સમાજનું બંધારણ હિંસાના પાયા ઉપર કર્યુ છે, આક્રમકતાના પાયા ઉપર કર્યુ છે અને એથી જ ગૂંચવણ, મુશ્કેલી ઊભી થઇ છે. આવું વિશ્વ જૂની પેઢીના લોકોએ બનાવ્યું છે અને તમારે તેને બદલવાનુ છે. તમે એમ ના કહી શકો કે હું બીજા લોકોનું અનુસરણ, અનુકરણ કરીશ અને સફળતા તથા હોદ્દો મેળવીશ. જો તમે તેમ કરશો તો તમારા બાળકોને સહન કરવાનો વારો આવશે. ભલે કદાચ તમે તમારો સમય સારી રીતે ગાળો પરંતુ તેનો ભોગ તમારા બાળકોએ બનવું જ પડશે. તેથી તમારે ઈશ્વર, ધર્મ, સ્વને મહત્વ મળે તે માટે કે પરિવારની સલામતીની બાબતોના નામે એક માણસ દ્વારા બીજા માણસ ઉપર આચરવામાં આવતી ક્રૂરતા ઉપર ધ્યાન આપવું જ રહ્યું. બાહ્યપણે આચરવામાં આવતી, ક્રૂરતા અને હિંસાનો તમારે વિચાર કરવો જ પડશે અને તમને જેને વિષે હજી કઈ જાણ જ નથી એવી ભીતરની હિંસાનો પણ તમારે વિચાર કરવો પડશે.

*શિક્ષણ સંવાદ*

## શા માટે આપણે કોઈપણ બાબત અંગે આંતરીકપણે અનુકુલન સાધી લઈએ છીએ?

બાળપણથી, શિક્ષણ કે પ્રચાર દ્વારા, સામજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક બંધારણો દ્વારા જે સંસ્કૃતિમાં આપણો ઉછેર થયો છે તે એવો દાવો કરે છે, તેની માંગ એવી છે કે આજ્ઞાનું પાલન કરો, અનુપાલન કરો. શું તમે અનુપાલન નથી કરતા? આપણે ઉપરછલ્લી દૃષ્ટિએ અનુપાલન કરવા વિશેષની વાત નથી કરતા; તે જ્યારે ભારત જાય છે ત્યારે તે ભારતીય પોષાક પહેરે છે. જો તે આહિયાં ભારતીય પોષાક પહેરે તો તે વધારે સારી બાબત ગણાય. પરંતુ અહી તે સંસ્કૃતિ બની તેથીઆપણે બાહ્યપણે અનુપાલન કરવું જ પડે છે. પરંતુ વક્તા પૂછે કે: શા માટે આપણે કોઈપણ બાબત અંગે આંતરિકપણે અનુકલન સાધી લઈએ છીએ? સંસ્કૃતિ પ્રમાણે અથવા તમે જાતે કહેતા હો કે સંસ્કૃતિ મુજબ 'મારે બનવું જોઈએ' જે બરોબર નથી પરંતુ શુ હોવું જોઈએ અથવા શું થઈ રહ્યુ છે. ... અને અનુપાલન ભીતરથી શા માટે સ્વીકારો છો? અનુપાલન કરવું આજ્ઞાપાલન કરવું, અનુકરણ કરવું.... તેથી આપણી અંદર એક વિરોધાભાસ ઉત્પન્ન થાય છે, તો શુ મન એવું થઈ શકે કે તે બિલકુલ અનુપાલન કરે જ નહિ?

*સિડની ૧૯૭૦, વાર્તાલાપ ૧*

## કેવળ આવા મન વડેજ નવી સંસ્કૃતિ ઉદ્‌ભવી શકે

અને જો આપણે ગંભીર હોઈએ તો આપણને જણાશે કે નવી સંસ્કૃતિનું સમગ્ર સારત્તવ ધર્મ છે. ધર્મ વગર સંસ્કૃતિ હોઈ જ ન શકે અને વિશ્વમાં ધર્મ નથી તો સંસ્કૃતિ પણ નથી કદાચ તમારી પાસે સુંદર ચિત્રો હશે, તમે કદાચ અદ્દભૂત કથાઓ લખો. અસાધારણ ચિત્ર દોરો, સમુધુર સંગીતની રચના કરો પરંતુ તે સંસ્કૃતિ નથી, તેથી તેના થકી મનમાં નવી ગુણવત્તા નહિ ઉદ્‌ભવે. જ્યારે આપણી આસપાસનું સમગ્ર વિશ્વ પડી ભાંગવાને આરે ઊભું હોય, તે ભ્રષ્ટ થઈ રહ્યુ હોય અને કેટલાક લોકો માત્ર જૂના ધર્મોને ટકાવી રાખવાનો નિરર્થક પ્રયત્ન કરે છે ત્યારે આપણને જરૂર છે એક નવી જ ગુણવત્તા ધરાવતા મનની તે ન હોય ત્યાં સુધી બધું જ નિરર્થક છે. પરંતુ જે લોકો ભીતરથી ચિંતિત છે, તમે પણ ચિંતિત હશો જ, જો તમારે આ વિષય સાથે કાઈ નિસ્બત હોય તો. આ ભૂખમરાથી, આ યુદ્ધોથી, આ ભ્રષ્ટાચારથી, આ દંભથી, સર્વત્ર પ્રસરેલી અને ચાલ્યા કરતી આ અપ્રામાણિકતાથી ગળે આવી ગયા હોઈએ તો આપણે સંપૂર્ણ ગંભીરતાથી એ શોધી કાઢવું જોઈએ કે ધાર્મિક મનનું સાચું સ્વરૂપ શુ છે? કારણ કે કેવળ આવા મન વડે જ નવી સંસ્કૃતિ ઉદ્દભવી શકે. એક ધાર્મિક મન, ફકત એક ધાર્મિક મન, પરંતુ એ માનવજાતનું મન કે જે તમે છો, એટલે કે આપણા બધાના સહિયારા પ્રયાસોથી એ થશે. જૂના સમયમાં જો તમે ઇતિહાસનું અવલોકન કર્યુ હોય. તમારી પોતાની બાબતનું નિરીક્ષણ કર્યુ હોય તો તે સમયે ધાર્મિક નેતાઓ (ગુરુઓ) હતા. એ શબ્દમાં ખુદ ધર્મનો અસ્વિકાર છે. ધાર્મિક વિશ્વમાં નેતા વિસંગત છે! તમે સમજ્યા ? કારણ કે જ્યારે ધાર્મિક બાબતમાં કોઈપણ ચળવળ થાય છે ત્યારે એ જ ક્ષણે વિકૃતિના તત્વની શુરૂઆત થઈ જાય છે. ત્યારે તમે ફક્ત અનુસરવા લાગો છો. જ્યારે તમને આધિપત્યની પ્રકૃતિ અને તેનું બંધારણ સમજાય, તેમા ઊંડા ઊતરી દૃષ્ટિ પ્રાપ્ત કરો. ત્યારે સમજાય કે આધ્યાત્મિક બાબતોમાં કોઈપણ પ્રકારનું આધિપત્ય ન હોય આ વક્તાનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે એટલે કે વક્તાનું આધિપત્ય પણ ન હોય આ આધિપત્ય ન હોય ત્યારે જ આપણે ધર્મ અંગે તપાસ કરવાના ક્ષેત્રમાં આગળ વધી શકીએ.

જો તમે સારા શબ્દકોશમાં જુઓ તો તેમાં તમને ધર્મનો અર્થ જોવા મળશે. તેમાં ધર્મ નો અર્થ: સહુએ સાથે મળીને સંપૂર્ણપણે સારા બનવાની ઊર્જા/શક્તિ એકત્રિત કરવી એવો દર્શાવ્યો હશે. વક્તાએ તેમાં 'સંપૂર્ણપણે સારા બનવાનો' શબ્દો ઉમેર્યા છે. આપણા કાર્યોમાં સારા બનવાનું, વિચારોમાં સારા બનવાનું, જીવનના રસ્તે સર્વોત્તમ બનવાનું એ સઘળું સૂચવે છે યોગ્ય કર્મ, કાળજી અને અવધાન, કાળજી એટલે તમારા કાર્યમાં, વિચારોમાં કાળજી, તમે તમારા બાળકોનો ઉછેર કેવી રીતે કરો છો. તમે તમારી પત્ની કે તમારા પતિ સાથે કેવી રીતે વર્તો છો. કાળજી એટલે સ્નેહ, પ્રેમ આપણામાંના મોટાભાગના લોકો આ બાબતની ઉપેક્ષા કરતા હોય છે, એ વિષે તદ્દન બેપરવા હોય છે. આપણે એમ વિચારીએ છીએ કે સારું બનવું એ કેળવી શકાય એવી બાબત છે. આપણે એમ માનીએ છીએ કે સાલસતા એવું કાંઈક છે કે જે સમય જતા ધીરે ધીરે આપણી અંદર આવશે; આપણે ક્યારેય 'હું સારો બનું એમ નથી કહેતા આપણે' હું સારો બનીશ એવું ક્યારેય ન કહેવું જોઈએ.

અને ધર્મમાં મનની સમજણ પણ નિહિત છે જ કે પોતાની ભીતર, પોતના મનની અંદર એ શોધ કરવી કે શું અહિ પવિત્ર હોય.શાશ્વત હોય એવું કશું છે. ધર્મનો અર્થ છે સૌન્દર્ય, સાલસતા,એટલે કે ઉત્કૃષ્ટતા, શોધવું અને જે કઈ પવિત્ર છે અને એની તપાસ કરવી કે જેને વિચારનો સ્પર્શ ન થયો હોય. કારણ કે વિચાર સમય છે. વિચાર મર્યાદિત છે. અને એ શોધી કાઢવું કે એવું છે કે નહિં કે જે નામરહિત, સમયાતીત હોય, કે જેને આદિ કે અંત ન હોય. આ સઘળું ધર્મ છે.

અને આપણે કહ્યું તેમ, જે મન સ્ફોટક છે, જે તરત કોઈ વાત સાથે સહમત નથી થઈ જતું તેવું મન ખાસ ગુણવત્તા ધરાવે છે. મનની એવી ગુણવત્તા વગર તમારી પાસે સંસ્કૃતિ નહિ હોય. અને એવું મન અને સંસ્કૃતિ હોવા ખૂબ જ જરુરી છે. આ એવી સંસ્કૃતિ નથી કે જે થોડા લોકો દ્વારા લાવવામાં આવેલી હોય. આ તો એવી સંસ્કૃતિ છે જે ધાર્મિક મન દ્વારા ઉદ્‌ભવેલી છે. તેનો અર્થ એ છે કે તમારે માટે તમારે જાતે જ પ્રકાશ પાથરવાનો છે. બીજા કોઈનો પ્રકાશ નહિ. તમે જાતે શોધેલો પ્રકાશ અને આપણે જોઈ તે બધીજ બાબતોનો સમાવેશ ધર્મમાં થઈ જાય છે.

*On God, મદ્રાસ ૧૯૭૪, વાર્તાલાપ ૪*

# શુ માળખા વગરની સંસ્કૃતિ સંભવ છે ખરી?

**પ્રશ્નકર્તાઃ** મહાન સંસ્કૃતિઓ હમેશા કોઈને કોઈ માળખા ઉપર આધારિત રહી છે. પરંતુ તમે એક એવી સંસ્કૃતિની વાત કરો છો કે જે માળખા વગરની હોય. શુ માળખા વગરની સંસ્કૃતિ સંભવ છે ખરી?

**કૃષ્ણમૂર્તિ** : શુ વાસ્તવિકતા શોધવા માટે આપણું મન તમામ માળખાથી મુક્ત ન હોવું જોઈએ? જેની જાણ વર્તમાન સમાજને નથી તે શોધવા માટે મન મુક્ત હોવું જોઈએ તે મુક્ત હોય ત્યારે વાસ્તવિકતા શોધવા માટે આ મન શુ પોતાના આગવા માળખાનું સર્જન નહિ કરે? એક માળખામાં જકડાયેલુ મન હમેશા માળખામાં રહીને જ વિચારે છે. જે મન સમાજ દ્વારા અનુબંધિત (જકડાયેલું) છે તે મન શું અપરિમેયને (અમાપને) શોધી શકે? અંગ્રેજી ભાષાનું માળખું સૈકાઓથી વિકસાવવામાં આવ્યું છે અને આ ભાષા સૈકાઓથી બોલવામાં આવે છે. માળખા વગરનું મન કોઈ સર્જનાત્મકતા, કોઈપણ ભાષાની આવી ટેકનીકનો ઉપયોગ કરી શકે. પરંતુ તે ટેકનીકથી એટલે કે ભાષાકીય માળખા દ્વારા વાસ્તવિકતા ક્યારેય શોધી શકાય નહિ. માળખામાં રહેલી બાબતો જેવી કે અભ્યાસ કરીને, ખાસ પ્રકારનું ધ્યાન કરીને અથવા જ્ઞાન કે અનુભવના કોઈપણ સ્વરૂપ દ્વારા મન ક્યારેય સત્યના સ્વરૂપને સમજી શકે નહિ. મન સ્વયંને માળખાથી મુક્ત કરે ત્યારે જ તે સત્ય શું છે એ સમજી શકે. આવુ મન સ્પંદન રહિત અને શાંત મન છે. અને એવું મન હોય ત્યારે તે સર્જનાત્મક્તા હોય છે. તેથી તે પોતે સક્રિય રહી પ્રવૃત્તિ કરી શકે. પરંતુ આપણે જોઈએ છીએ કે મોટાભાગ લોકો ક્યારેય આવા માળખાથી મુક્ત હોતા નથી. પળભર માટે પણ મન ભયથી સંપૂર્ણપણે મુક્ત નથી હોતું કે નથી હોતું તે અનુશરણથી મુક્ત. આ ભૌતિક વિશ્વમાં કે માનસિક/આધ્યાત્મિક વિશ્વમાં તે કાંઈક બનવામાંથી મુક્ત નથી હોતું. જ્યારે મનની અવસ્થા કાંઈક બનવાની પ્રક્રિયામાંથી બહાર નીકળી અટકી જાય ત્યારે જે સત્ય છે. જે ઈશ્વર છે તે ઉદ્ભવે છે અને તે એક નવું સર્જે છે, અને તે સાથે સર્જે છે પોતાની એક આગવી સંસ્કૃતિ.

*મુંબઈ, ૧૯૫૫, વાર્તાલાપ ૪*

**'Naimisam',** The Retreat Centre on the outskirts of Hyderabad requires a Manager to look after the 25 acre campus with a library and study cottages facility. Also required are a Librarian and a Study Centre Incharge interested in Krishnamurti's teachings.

Those interested may kindly write to:

**J. K. Centre,** Dwarkapuri colony, Punjagutta, Hyderabad.
Tel : 040- 23357889

## કૃષ્ણમૂર્તિના હાલમાં પ્રકાશિત થયેલા અંગ્રેજી પુસ્તકો










૧. **Magnitude of the Mind:** ૧૯૮૦માં શ્રીલંકામાં આપેલા વાર્તાલાપ.

સારી માનવજાતની સંપૂર્ણ કથા તમારી અંદર સમાયેલી છે. માનવીએ યુગાનુયુગથી એકત્રિત કરેલો અગાધ અનુભવ, ઉપરના સ્તરે રહેલો ભય, બધીજ ચિંતા, દુઃખ સુખ જે બધી સમજ વગેરેનો સંચય એ બધું આ પુસ્તકમાં સમાયેલું છે. અને તમે જ તે પુસ્તક છો. અને આ પુસ્તકનું વાંચન એ એક કલા છે.

શ્રીલંકાના આ વાર્તાલાપોમાં કૃષ્ણજીએ આ વિધાન કર્યું છે. કોઈપણ અતિ પ્રાચીન પવિત્ર કહેવાતા ગ્રંથો કે આધુનિક તત્ત્વજ્ઞાનની પ્રણાલીનો અભ્યાસ કરવા કરતા, મનુષ્યે પોતાના સ્વયંના જીવનનું પુસ્તક વાંચવું અને જીવનના વિવિધ પાસાનો અભ્યાસ કરવો એ ઘણુંજ મહત્ત્વનું છે., આ તેમની મૂળભૂત અંતરદષ્ટિનો પુનરુચ્ચાર છે.

કોલંબોમાં ૧૯૮૦માં ચાર વાર્તાલાપોને આ નાના પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. મૂલ્ય રૂા. ૫૦ માં મુંબઈ કેન્દ્રમાં ઉપલબ્ધ છે.

૨. **As one is :** આ અંગ્રેજી પુસ્તક જેમાં કૃષ્ણમૂર્તિએ ૧૯૫૫ માં આપેલા આઠ વાર્તાલાપોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વાર્તાલાપો દ્વારા કૃષ્ણમૂર્તિએ મનુષ્યના મનમાં ચાલી રહેલી અંધાધૂંધી. માનવ મનની ટેવો એમાં ગૂહિત બાબતોની શોધ લેવાનો પ્રયત્ન કર્યો છે. અને આ બધાને કારણે વિશ્વભરમાં હિંસા અને દુઃખનો વ્યાપ થયો છે એવું તેઓ સૂચિત કરે છે. ભલે આ વાર્તાલાપ ૫૫ વર્ષ જૂના છે છતાં પણ આજે પણ તે આપણાં દૈનિક જીવનમાં એટલાં જ પ્રબળ જણાય છે. એ આ પુસ્તક વાંચવાથી સમજાય છે. ૧૪૭ પાનાનાં આ પુસ્તકનું મૂલ્ય રૂા. ૧૦૦/- છે અને મુંબઈ કેન્દ્રમાં ઉપલબ્ધ છે.

૩. **The Last Talks** : આ પુસ્તકમાં કૃષ્ણજીએ ૧૯૮૫ની તેમની છેવટની મુલાકાત દ્વારા નવેમ્બર ૧૯૮૫ અને જાન્યુઆરી ૧૯૮૬ દરમિયાન આપેલા વાર્તાલાપનો અને ચર્ચાનો સમાવેશ કરવામાં આવ્યો છે. લાંબા સમયની પ્રતિક્ષા પછી આ મહત્ત્વનું પુસ્તક કૃષ્ણમૂર્તિના અભ્યાસકો ને ઉપલબ્ધ થાય છે. આ પુસ્તકનું મૂલ્ય રૂા.૮૦/- છે અને મુંબઈમાં ફરીથી ઉપલબ્ધ છે.

### કૃષ્ણમૂર્તી અધ્યયન કેંદ્ર, બેંગલોરમાં અધ્યયન કાર્યશાલા

**૨૦-૨૩ જાન્યુઆરી, ૨૦૧૧** Is inner change necessary to stop ecological destruction?

**૧૭-૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૧** What does fear do to you? **૧૦-૧૩ માર્ચ, ૨૦૧૧** What does freedom mean?

**૦૮-૧૧ એપ્રિલ, ૨૦૧૧** **Karnataka Gathering**: Is it possible to live an orderly life in this chaotic world?

સંપર્ક : દ સ્ટડી, વ્હેલી સ્કૂલ કેમ્પસ, ૧૭ કિ.મી. કાનપુરા રોડ, થાતગુણી પોષ્ટ, બેંગોલર-૫૬૦૦૬૨
દૂરધ્વની : ૦૮૦ - ૨૮૪૩૫૨૪૩ • email : kfistudy@gmail.com • વેબસાઈટ: www.kfistudy.org

**કૃષ્મમૂર્તી ફાઉડેશન ઈન્ડિયા,** વસંતવિહાર, ૧૨૪, ગ્રીનવેજ રોડ, ચેનઈ - ૬૦૦ ૦૨૮. ઈમેલ: thestudykfi@yahoo.com

**કૃષ્ણમૂર્તી અધ્યયન કેંદ્ર, સહ્યાદ્રી** પોષ્ટ-તિવઈ હિલ, તાલુકા ખેડ, (રાજગુરુ નગર), જિલ્હા-પુણે, પિન -૪૧૦૫૪૩ મહારાષ્ટ્ર
દૂરધ્વની : (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫ • ઈમેલ - kscskfi@gmail.com • બેવસાઈટ : http://www.kscskfi.com

**આનંદ વિહાર, કૃષ્ણમૂર્તી અધ્યયન કેંદ્ર, બદલાપૂર** : આનંદ-વિહાર, જે કૃષ્ણમૂર્તી સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભળીઘર, રહાટોલી ગામપાસે, બદલાપૂર (પ.) તા. ઠાણે, પિનકોડ-૪૨૧૫૦૩, દૂરધ્વનીઃ ૯૪૨૦૬૦૭૪૨૮, (૦૨૨) ૨૫૧૫૩૦૯૪, ૨૪૨૨૩૧૯૯ • ઈમેલ: zilog@vsnl.com

# માત્ર સત્ય જ નવી સંસ્કૃતિમું સર્જન કરે છે

પ્રશ્નકર્તા : આજે ભારતમાં આપણને નવી સંવેદનાત્મક લાગણી અને અભિવ્યક્તિ પ્રત્યે અનાદરનું પ્રમાણ વધતું જોવા મળે છે.

સાંસ્કૃતિકપણે આપણે દુર્બળ છીએ, નકલખોર બની ગયા છીએ, અનુકરણ કરનાર દેશ છીએ; આપણી વિચારધારા દંભી અને છીછરી બની ગઇ છે. શુ એવો કોઇઉપાય છે કે જેથી આ પરિસ્થિતિમાં સુધારો થાય અને આપણને સર્જનાત્મક સ્રોતનો સંપર્ક થાય? શું આપણે નવી સંસ્કૃતિનું સર્જન કરી શકીએ?

કૃષ્ણમૂર્તિ: શ્રીમાન, આ કેવળ ભારતીય લોકોનો પ્રશ્ન નથી, આ તો માનવજાતને લગતો પ્રશ્ન છે જે અમેરિકામાં, ઇગ્લેન્ડમાં અને બીજે બધે પૂછવામાં આવે છે. નવી સંસ્કૃતિ શી રીતે અસ્તિત્વમાં આવે? તેમાં અપાર સર્જનાત્મકતા હોય છે અને એ સર્જનાત્મકતા સ્ફોટક હોય છે. એટલે એવી સર્જનાત્મકતા ધરાવતું મન નકલખોર નથી બનતું. એવી સર્જનાત્મકતાની કામના કવિ કે ચિત્રકાર કરે છે. તો ચાલો આપણે તેની અંદર ઊંડા ઊતરીએ અને તપાસ કરીએ. એ સ્વાભાવિક છે કે હું આ પ્રશ્નની ચર્ચા ઘણા લોકો સાથે એકસાથે ન કરી શકું, પરંતુ આપણે તેમાં ઊંડા ઊતરી તપાસ કરવાના છીએ તો કૃપા કરીને ધ્યાનથી સાંભળો.

આપણે જાણીએ છીએ એ મુજબ સભ્યતા શુ છે. સંસ્કૃતિ શુ છે? તે સામૂહિક ઇચ્છાનું પરિણામ છે, શુ નથી? આપણે જેને જાણીએ છીએ તે સંસ્કૃતિ ધર્મ, પારંપારિક નીતિમત્તા ના સિદ્ધાંતો અને સમર્થનના અનેકવિધ સ્વરુપો દ્વારા વ્યક્ત થતી ઘણી બધી સામૂહિક સંગ્રહશીલ ઇચ્છાનું પરિણામ છે અને તેથી આપણી પાસે એવી સંસ્કૃતિ, એવી સભ્યતા છે કે જે લાલસાભરી છે. આ સ્પષ્ટપણે સમજી શકાય તેવી વાત છે.

હવે આવા સામૂહિક ઇચ્છાના પરિણામ જેવા સંગ્રહશીલ, લોભી સમાજમાં ઘણા સુધારા-વધારા કરી શકાય, અને પરિસ્થિતિ હદ બહાર જાય ત્યારે આપણે લોહિયાળ ક્રાંતિ પણ કરીએ છીએ, એ બધું થાય તો પણ તે એક માળખામાં રહીને જ થતું હોય છે. આપણી સામે આવતો કોઇપણ પડકાર હમેશાં નવો જ હોય છે  અને તેની પ્રત્યે આપણું વલણ આપણો ઉછેર જે સંસ્કૃતિમાં રહીને થયો હોય તેના દ્વારા મર્યાદિત જ રહે છે. દેખીતી રીતે જ ભારતની સંસ્કૃતિ અનુકરણ કરવા ઉપર, નકલ કરવા ઉપર આધારિત છે, પરંપરાગત છે, માન્યતા અને વહેમ, શબ્દોનું પુનરાવર્તન (જપ), માનસિક કે હાથ વડે રચેલી મૂર્તિપૂજન જેવી અપરંપાર અંધશ્રદ્ધાના પાયા ઉપર રચાયેલી છે. આ આપણી સંસ્કૃતિ છે, આ આપણો સમાજ છે જે જુદા જુદા વર્ગોમાં વિભાજીત છે. બધું સંગ્રહ અને લોભના પાયા ઉપર આધારિત છે; અને જો કોઇ આ વિશ્વમાં નિર્લોભી અને અપરિગ્રહી બની પણ જાય તો તે ઇશ્વરને પામવા જેવી બીજા વિશ્વની લાલસામાં લપેટાઇ જઇએ છીએ. આમ આપણી સંસ્કૃતિ મૂળભૂતપણે જ ભૌતિક અથવા આધ્યાત્મિક કામના ઉપર આધારિત છે. અને કદાચ સંયોગવશ જો કોઇ આ લોભ-લાલચથી અલિપ્ત રહી એ જાણી લે કે સર્જનાત્મક બનવું એટલે શું, ત્યારે આપણે તરતજ તેને આદર્શમૂર્તિ બનાવી લઇએ છીએ, તેને આપણા આધ્યાત્મિક ગુરુ બનાવી લઇએ છીએ, અને આવું કરીને આપણે ખુદને જ ગૂંગળાવી નાખીએ છીએ.

જ્યાં સુધી આપણે આ સામૂહિક સંસ્કૃતિની, સામૂહિક સભ્યતાની અસર હેઠળ રહેશું ત્યાં સુધી કોઈ સર્જનાત્મકતા સંભવ નહિ બને. જે આ સામૂહિક પ્રકિયાને સમજે છે, જે આ પ્રકિયાંનું સમર્થન એ માન્યતાઓ જેવી બધી જ બાબતો સમજે છે અને સંગ્રહ કરવાથી અળગો રહે છે, માત્ર તે જ માણસ સર્જનાત્મકતાનો અર્થ જાણે છે. જે આ દુનિયાનો ત્યાગ કરી ઇશ્વરની ખોજમાં નીકળી પડે છે તે સન્યાસી સર્જનાત્મકતાને નથી જાણી શકતો કારણ કે તે સ્વરુપ તો માત્ર તેના લોભનું ખાસ સ્વરુપ છે. જે માણસને 'સામૂહિક'નું સમગ્રપણે ભાન થાય જે તે તેમાંથી બહાર આવી જાય છે કારણ કે તે જાણે છે કે સાચો ધર્મ કોને કહેવાય, તે સર્જનાત્મક વ્યક્તિ હોય છે અને તેના એવા વલણથી જ નવી સંસ્કૃતિનો ઉદ્ભવ થાય છે. ચોક્કસપણે, નવી સંસ્કૃતિનો ઉદ્ભવ એ રીતે જ થાય જે, શું નથી થતો?

સાચો ધાર્મિક માણસ એ નથી કે જે કથિત ધર્મનું પાલન કરે છે, જે ખાસ વહેમ અને માન્યતા ધરાવે છે, જે અમુક કર્મકાંડ કરે છે અને જ્ઞાનની પાછળ પડે છે, કારણ કે એ તો માત્ર બીજા સ્વરુપનો આનંદ મેળવવાની વૃત્તિ છે. જે આણસ સાચા અર્થમાં ધાર્મિક હોય છે તે સમાજની સંપૂર્ણપણે મુક્ત હોય છે, સમાજ પ્રત્યે તેની કોઇ જ જવાબદારી નથી હોતી; તે સમાજ સાથે સંબંધ સ્થાપી શકે પરંતુ સમાજનો તેની સાથે કોઇ સંબંધ નથી હોતો. સમાજ સંગ્રહિત ધર્મ છે, તે આર્થિક અને સામાજિક બંધારણ છે, તે જેમાં આપણો ઉછેર થયો છે એ સમગ્ર વાતાવરણ છે. અને શું આ સમાજ માણસને ઇશ્વર, સત્ય અથવા તમે જે નામ આપો તે (તેનું બહુ મહત્વ નથી) શોધવામાં મદદ કરવાનો છે અથવા શું એ વ્યક્તિ કે જે ઇશ્વરની ખોજ કરે જે તે એક નવા સમાજનું સર્જન કરે? શુ તેણે અત્યારે અસ્તિત્વમાં છે એ સમાજથી, એ સંસ્કૃતિથી અથવા તો એ સભ્યતાથી અલગ ન થઇ જવું જોઇએ? ચોક્કસપણે, એ રીતે અલગ થવાથી જ તેને સત્ય શું છે તે સમજાશે અને આ એ જ સત્ય છે કે જે નવો સમાજ છે, નવી સંસ્કૃતિ છે. મને લાગે છે કે આ મહત્ત્વના પ્રશ્ન ઉપર જ આપણે વધારે ધ્યાન આપવું જોઇએ શું આ સમાજમાં રહેતો માણસ ક્યારેય સત્યને કે ઈશ્વરને શોધી શકે? તે ક્યાં સમાજમાં રહે છે તે વાતનું બહુ મહત્વ નથી શું સમાજ એવી વ્યક્તિની એ શોધમાં મદદ કરી શકે, કે પછી એ વ્યક્તિએ તમારે અને મારે, સમાજથી અલગ થઇ જવું ના જોઇએ? ચોક્કસપણે સમાજથી અલગ થવાની એ પ્રક્રિયામાં જ સત્ય સમાયેલું છે, તેમાંજ એ સમજ રહે છે અને એ સત્ય ત્યારે એવા તરંગોથી સજ્જ છે કે જેથી નવો સમાજ, નવી સંસ્કૃતિ બને છે. સાધુ-સંન્યાસી કે એકાંતવાસી યતિ વિશ્વનો એટલે કે સમાજનો ત્યાગ કરે છે પરંતુ તેની સમગ્ર વિચારધારાનું માળખું તો એ સમાજ દ્વારા અનુબંધિત જ રહે છે; સાધુ-સન્યાસી હોવા છતાંયે તે ખ્રિસ્તી કે હિંદુ જ રહે છે. એ ખ્રિસ્તી ધર્મ કે હિંદુ ધર્મના આદર્શોનું અનુસરણ કરતો જ રહે છે. તેનું ધ્યાન, તેનો ત્યાગ, તેની સાધના... એ સઘળું અનિવાર્યપણે અનુબંધિત રહે છે, તેથી તે જે સત્યનું, ઇશ્વરનું  નિરાકરણે શોધી કાઢે છે તે તો હકીકતમાં તેના પોતાના માનસિક અનુબંધનોની પ્રતિક્રિયાનુ સ્વરુપ માત્ર છે. આમ સમાજ માણસને જે સત્ય છે તેને શોધવામાં મદદરુપ થઈ શકતો નથી. સમાજનું કાર્ય વ્યક્તિની સીમા બાંધવાનું છે, તેને નિયત પ્રતિષ્ઠામાં જકડવાનું છે. જે માણસ આ સમગ્ર પ્રક્રિયાને સમજે છે અને જેની ક્રિયા કોઇ પ્રતિક્રિયા નથી માત્ર તે જ માણસ નવી સંસ્કૃતીનું સર્જન કરે એ સત્યને પામી શકે છે. આ કામ જે માણસ સત્યની ખોજ પાછળ ભટકતો હોય તે ન કરી શકે.

મને લાગે છે કે આ બહુ સ્પષ્ટ અને સરળ વાત છે; ભલે તે ગૂંચવણ ભરેલી લાગે પરંતુ તે સમજવી મુશ્કેલ નથી. સત્ય સ્વયં પોતાની ક્રિયા લાવે છે. પરંતુ સત્યની પાછળ ભટકતો માનવી ભલે ગમે તેટલું સારું કે

કરવા જેવું જણાતું કામ કરે, ભલે તે ઉમદા જણાતું હોય, પણ તે વધારે ગોટાળો સર્જે છે. એ માનવી એના જેવો છે જે માત્ર જેલની દીવાલને સુશોભિત કરવાની સાથે જ નિસ્બત ધરાવતો હોય, તેને જેલમાં વધારે પ્રકાશ લાવવા સાથે, વધારે શૌચાલયો બનાવવા સાથે અથવા તમે જે કહો તે કાર્ય કરવા સાથે જ નિસ્બત હોય. પણ જે તમને સમજ દ્વારા મન કેવી રીતે અનુબંધિત રહે છે તે સમગ્ર પ્રક્રિયા સમજાય, જો તમે સત્યને તેનું કાર્ય તેની રીતે કરવા દો – તમારી સમજ કે તમારા મનની મરજી મુજબની રીતે નહિ – તો તમે એ શોધી શકશો કે એ ક્રિયાથી આપોઆપ એક સંસ્કૃતિ ઉદભવે છે, તે સ્વયં પોતાની સભ્યતા લાવે છે, એક નવું, એવું વિશ્વ સર્જાય છે જે સંગ્રહ, દુઃખ, લડાઇ-ઝગડા કે માન્યતા ઉપર આધારિત નથી હોતું.

સત્ય જ નવા સમાજનું સર્જન કરે છે, સામ્યવાદી કે ખ્રિસ્તી કે હિંદુ, બૌદ્ધ અથવા મુસ્લિમ સમાજ નહિ. કોઇપણ પડકારનો સામનો પોતાના અનુબંધનો પ્રમાણે કરવો તે તો જેલને વિસ્તારવા જેવું, તેના સળિયાને સુશોભિત કરવા જેવું છે. સત્યનું પ્રત્યક્ષ જ્ઞાન તો ત્યારે થાય જ્યારે માનવીનું મન આ બધું સમજતું હોય અને પોતાના પર લાદવામાં આવેલી અનુબંધાનોની અસરથી – કે જાતેજ સર્જેલા અનુબંધાનોની અસરથી – મુક્ત હોય. અને આ સત્યની ક્રિયાથી જ નવા સમાજનો અને નવી સંસ્કૃતિનો ઉદય થાય છે.

એટલા માટે જ આ દેશે સ્વયં પોતાના ઉપર પશ્ચિમની ઉપરછલ્લી સંસ્કૃતિ લદાય તેવું ન થવા દેવું જોઇએ, કારણ કે તેઓ અવઢવમાં છે તેથી તેણે જૂની સંસ્કૃતિ તરફ, પુરાણો અને વેદો તરફ પાછા ન વળવું જોઇએ, જે મન દિશાહીન હોય, માત્ર તે જ મન જે મૃતપ્રાય છે તેના તરફ વળે છે. એ જોવા કરતા યે આપાણુ મન અવઢવમાં શા માટે છે એ સમજવું વધારે મહત્વની બાબત છે. જ્યારે મન સમજી ન શકતું હોય, જ્યારે તે સમગ્રપણે પોતાનું સ્પષ્ટ વલણ ન દર્શાવી શકે ત્યારે રજુ કરવામાં આવેલી કોઇપણ મૂળભૂતપણે સાચી વાતનો સામનો કરે ત્યારે ગરબડ-ગોટાળો થાય એ સ્વાભાવિક છે. સામાજિક વ્યવસ્થામાં સુધારો લાવવાના પ્રયત્નો કરનારા બધા સંતો અને સુધારકોએ એવુ જ કર્યું છે. કારણ કે તેઓ સત્યનું અર્થઘટન નક્કી કરેલો સુધારો કરવા માટે કરે છે. એવો સુધારો વધારે ગોટાળો ઊભો કરે છે અને તેથી બીજા નવા સુધારની જરુર પડે છે.

સત્ય પામવા માટે મન સમાજથી તદ્દન મુક્ત હોવું જોઇએ એટલે કે સંગ્રહ કરવાની આકાંક્ષાનો, મહત્ત્વકાંક્ષાનો, ઇર્ષ્યાનો અને 'કઇક બનવાની' સમગ્ર પ્રક્રિયાનો સંપૂર્ણપણે અંત, આખરે તો આપણી સંસ્કૃતિ કંઇક બનવા ઉપર આધારિત છે, તેનું બંધારણ તે શ્રેણીના સિદ્ધાંત ઉપર થયું છે, એક જાણે છે અને બીજો નથી જાણતો, કોઇની પાસે છે અને કોઇ પાસે નથી જેની પાસે નથી તે 'મેળવવા' માટે જીવનભર સંઘર્ષ કરતો રહે છે અને જેની પાસે જ્ઞાન નથી તેને હમેશા વધારે જ્ઞાન મેળવવા માટે હમેશા કહેવામાં આવે છે. પરંતુ એ માનવી કે જેનો સમાવેશ આ બેમાંથી કોઇ વર્ગમાં ન થતો હોય તેનું મન બહુ જ શાંત અને સ્વસ્થ હોય છે. માત્ર એવું જ મન જે સત્ય છે તેને ગ્રહણ કરી શકે છે અને એવો માનવી જ સત્યને તેની રીતે ક્રિયાશીલ રહેવા દઇ શકે છે. આવા માનવીનું મન અનુબંધિત પ્રતિભાવ અનુસાર કાર્ય કરતુ નથી. એ મન એમ નથી કહેતું 'મારે સમાજને સુધારવો જ જોઇએ'. સાચો ધાર્મિક માણસ સામાજિક સુધારની ચિંતા નથી કરતો, તે સમાજની જૂની અને બગડેલી રૂઢી કે પરંપરાને સુધારવાની પરવા નથી કરતો કારણ કે સુધારો નવી વ્યવસ્થા નહિ સર્જી શકે, સત્ય જ નવી વ્યસ્થાનું સર્જન કરે છે. મને લાગે છે કે જો કોઇ આને બહુ જ સરળતાથી અને સ્પષ્ટપણે જુએ તો ક્રાંતિ આપોઆપ થશે.

મુશ્કેલી એ છે કે જોતા નથી, આપણે સાંભળતા નથી, આપણે જે વસ્તુ જેવી છે તેને તેવી સીધે સીધી ગ્રહણ કરતા નથી પરંતુ છેવટે તો તે નિર્દોષ મન છે જે સત્ય જુએ છે. જો કે તે હજારો વર્ષોથી ઘડાતું આવ્યું છે અને તે અનેકવિધ અનુભવોમાંથી પસાર થયું છે, આ મન સર્જનાત્મક છે. કપટ વિદ્યામાં કુશલ હોય તેવું મન નહિ, માત્ર જ્ઞાન અને ટેકનીકથી ભરેલું મન પણ નહિ. જ્યારે મન કોઈ હકીકતનું સત્ય જુએ છે અને તે સત્યને તેની રીતે કાર્ય કરવા દે છે. ત્યારે તે પોતાની આગવી ટેકનીકથી સજ્જ છે. ક્રાંતિ સમાજની અંદર રહીને નહિ થાય, પરંતુ તે સમાજની બહાર રહીને જ થશે.

*Total Freedom, મુંબઇ ૧૯૫૫, વાર્તાલાપ ૧*

## કોઈપણ પ્રયોજન એ વિશિષ્ટ સંસ્કૃતિની પ્રતિક્રિયાનું પરિણામ છે

તો મારે મારું પરિવર્તન કેવી રીતે કરવું? હું આ સત્ય જોઉં છું, કમ સે કમ હું કંઈક તો જોઉં જ છું... કે સભાન કે અભાન સ્તરે મન પરિવર્તનનાં તબક્કે નહિ પહોંચી શકે કારણ કે મારી ચેતના જ સમગ્રપણે અનુબંધિત છે, જકડાયેલી છે. તો હવે મારે શુ કરવું? મને આશા છે કે હું સમસ્યાને સ્પષ્ટ કરું છું. બીજી રીતે આ વાત કહીએ તોઃ મારું સભાન કે અભાન મન સમાજથી મુક્ત થઇ શકે? – સમાજ એટલે આ સઘળું શિક્ષણ, આ સંસ્કૃતિ, નીતિમત્તાના માન્ય કરેલા ધોરણો, મૂલ્યો, માપદંડો વ કારણ કે જો મન આ બધાથી મુક્ત નહિ હોય તો એવી અનુબંધિત અવસ્થામાં તે પરિવર્તન લાવવા માટે ભલે ગમે તેટલા પ્રયત્નો કરે, પરંતુ તેથી કોઈ પરિવર્તન નહિ થાય. જો હું આ વાતમાં રહેલું સત્ય સમજુ, તેને જોઉં તો હવે મારે (મારા મને) શું કરવાનું છે? જો હું એમ કહું કે મારા મને એકદમ શાંત થઇ જવું જોઈએ તો એ શાંત બનવાનો પ્રયત્ન પણ એજ માળખાનો, એ જ પ્રયોજનનો એક ભાગ બની જાય છે. બીજા કોઈ સ્તરે તે પરિવર્તિત થવાની મારી ઈચ્છાનું જ પરિણામ બની રહે છે.

તો શુ હું કોઈ પ્રયોજન વગર જોઈ શકું? શુ મારું મન પરિવર્તીત કરવાના કે ન કરવાના કોઈપણ પ્રકારના પ્રયોજન વગર અસ્તિત્વ ધરાવી શકે? કારણ કે પ્રયોજન એ ખાસ સંસ્કૃતિની પ્રતિક્રિયાનું પરિણામ છે, અને તેનો ઉદ્ભવ કોઈ ખાસ પ્રકારની પૃષ્ઠભૂમિ ઉપર થયો છે. તો જેમાં મારો ઉછેર થયો છે તે ખાસ સંસ્કૃતિથી મારું મન મુક્ત થઇ શકે? આ ખરેખર બહુ મહત્વનો પ્રશ્ન છે. કારણ કે આ મન જે સંસ્કૃતિમાં વિકસ્યું છે, પોષણ પામ્યું છે તેનાથી (તે અનુબંધાનોથી) જો મુક્ત નહિ હોય તો એવું મન ધરાવતી વ્યક્તિ ક્યારેય શાંતિપૂર્ણ જીવન નહિ જીવી શકે, તે ક્યારેય એ અનુબંધનોથી મુક્ત નહિ થઇ શકે. તેના ઈશ્વરો, તેની કલ્પિત કથાઓ, તેના પ્રતિકો સાથે તેના તમામ પ્રયત્નો માર્યાદિત રહે છે. કારણ કે તેના એ પ્રયત્નો તેના અનુબંધિત મનના ક્ષેત્રમાં જ રહે છે, જે ખરેખર નિરર્થક જ રહે છે. તે પ્રયત્નો કારાગૃહને અંદરથી વધારે સુશોભિત કરવાના પ્રયત્નો જેવા છે, જેમકેઃ વધારે પ્રકાશ, વધારે હવા, વધારે સારું ભોજન – પરંતુ એ બધું કરવા છતાં યે આખરે તો તે સંસ્કૃતિનું કારાગૃહ જ છે.

*The Book of Life – ૩૦ ઑક્ટોબર લંડન ૧૯૫૫, વાર્તાલાપ ૪*

# તેઓ વર્તમાનનો દ્રોહ કરી રહ્યા છે

કૃષ્ણમૂર્તિ : કદાચ, આજે આપણે આ પ્રશ્ન લઇ શકીએઃ ધાર્મિક જીવનમાં પરંપરા અને સંસ્કૃતિનું સ્થાન કેવું છે?

સંસ્કૃતિ વિષે તમે શુ વિચારો છો? સૈદ્ધાંતિકપણે નહિ, ખરેખર સંસ્કૃતિ એટલે શુ? સંસ્કૃતિ (કલ્ચર) શબ્દનો અર્થ વધવું, કેળવવું, વિકસવું, વિસ્તરવું, પુષ્પીકરણ થવું, હોવું અથવા બનવું વગેરે વગેરે. શુ તમારા જીવનમાં સંસ્કૃતિનું સ્થાન એ અર્થમાં હતું? તમારી પ્રજ્ઞા, તમારું મન, હૃદય, તમારી હરેક સુક્ષ્માતિસુક્ષ્મ ઇન્દ્રિયો વગેરેનું વધવું, વિકસવું એ સંસ્કૃતિનો અંશ છે, આમ સંસ્કૃતિનો અર્થ આપણે આ પ્રમાણે સમજીએ છીએ શું આ બાબત ઉપર આપણે સહુ સહમત છીએ? તમે એ શબ્દના આ અને બીજા બધા અર્થો સાથે સહમત થાઓ છો, બરાબર?

પ્રશ્નકર્તાઃ હા જી.

કૃ : બરાબર, અને પરંપરાનો અર્થ તમે શુ કરો છો? વિચારો, શ્રીમાન શું પરંપરા પેઢી દર પેઢી ઊતરી આવેલા, પિતા પાસેથી તેના પુત્રને મળતા મૂલ્યો, માન્યતાઓ, વહેમ, કર્મકાંડ જ છેને? શુ એવું નથી? આપણી પાસે ઉપનીષદો, ગીતાની પરંપરા છે જે કથોપકથન, લેખક જે કહેવા માંગતા હતા તે જ આ અને બીજા દેશોમાં ઊતરી આવ્યું છે.

અને આને જ આપણે પરંપરા કહીએ છીએ, ખરું?

પ્ર.ઃ મને લાગે છે કે પરંપરા સંસ્કૃતિને જાળવે પણ છે.

કૃ.ઃ સંસ્કૃતિને જાળવે પણ છે, તેનો અર્થ એ થયો કે મૂલ્યો, માન્યતાઓ, કર્મકાંડો, ઈશ્વરો, ખ્યાલો, સિદ્ધાંતો, વિચારો કે જે પરાપૂર્વથી ચાલ્યા આવે છે તેને એટલે કે સંસ્કૃતિને તમે સારી રીતે જાળવી રાખી છે. શુ તમે એમ કહો છો? જે રીતે તમે સુંદર બાગનું જતન કરો છો, કે જેમાં ફૂલો ઉગે છે, જ્યાં છાયો, તડકો, સૌંદર્ય છે અને તમે તેને જાળવો છો તેમ અને પરંપરાનો અર્થ પણ વારસામાં આપવું – ખ્યાલો, માન્યતાઓ વગેરે વગેરે અને મહેરબાની કરીને એ પણ ધ્યાનમાં રાખો કે શબ્દ (Traditional) એટલે પોતાનો દ્રોહ, પોતાની સાથે જ અપ્રમાણિકતા, ખરું? આમ ધાર્મિક જીવન સાથે પરંપરા અને સંસ્કૃતિને શુ નિસ્બત છે? આગળ વિચારો શ્રીમાન.

પ્ર.ઃ શુ પરંપરા દ્વારા ધાર્મિક જીવન સાથે દ્રોહ થાય છે? તમે કહો છો પરંપરા દ્રોહ છે, પરંપરા એટલે અપ્રામાણિકતા. કોણ દ્રોહ કરે છે? કોનો દ્રોહ કરે છે?

કૃઃ તમે દ્રોહનો અર્થ શો કરો છો? જ્યારે તમે ગહન, રૂઢીચુસ્ત અને પરંપરાથી અનુબંધિત થયેલા મનથી કાર્ય કરો ત્યારે તમે ખુદ સાથે દ્રોહ કરો છો. મોટાભાગના પરંપરાવાદીઓ એ રીતે જ કાર્ય કરતા હોય છે. તેઓ કેવી રીતે દ્રોહ કરી શકે? તેઓ વર્તમાનનો દ્રોહ કરી રહ્યા છે, ખરું?

સંસ્કૃતિનો અર્થ છે વિકસવું, વધવું, આપણાં મનનું, હૃદયનું પુષ્પીકરણ થવા દેવું, તમારા જીવનમાં સુંદરતાનું અસ્તિત્વ હોવું...આ બધું એટલે સંસ્કૃતિ અને અત્યારે આપણે જે રોજિંદુ જીવન જીવીએ છીએ તે સતત સઘર્ષકામકાજ, ધન એકઠું કરવું, કોઈની અસરમાં આવવું, પીડા ભોગવવી, ખુબ જ વેઠવું કે સહન કરવું, આપણા વિશેની હરેક બાબત પરત્વે સંવેદનશીલ બનવું વગેરે વગેરે. આને જ આપણે જીવવું કહીએ છીએ અને જે રીતે આપણે સમજયા તે મુજબ ધર્મ એટલે સત્ય શું છે અને વાસ્તવિકતા શું છે તેની તપાસ કરવા માટે તમારી તમામ શક્તિ એકત્રિત કરવી હવે, શું તમે આ બધાની ઊંડી તપાસ કરવા ઈચ્છો છો?...

પ્રશ્ન એ પૂછવામાં આવ્યો હતો કે શુ પરંપરા, સંસ્કૃતિ ધાર્મિક જીવન સાથે સહઅસ્તિત્વ ધરાવી શકે? આપણે તેમાં બહુજ કાળજીપૂર્વક ઊંડા ઊતર્યા હતા. આપણે કહ્યું કે સંસ્કૃતિ અને પરંપરા કદિપણ ધાર્મિક મન સાથે અસ્તિત્વ ધરાવી શકે નહિ. જો આપણે એ શોધી કાઢવું હોય કે ધાર્મિક જીવન કોને કહેવાય તો આપણે પરંપરાનો તદ્દન ત્યાગ કરવો જોઈએ. ખરેખર સંસ્કૃતિને જે રીતે સમજવામાં છે તે સંસ્કૃતિના કોઈપણ સ્વરુપનો ત્યાગ કરવો જોઈએ. તેનો અર્થ છે મુક્ત મન, એવું મન કે જે ખ્રિસ્તી, બૌધ્ધ, હિંદુ, ઈસ્લામ કે બીજા કોઈપણ પંથમાં કે ગુરુમાં કે કશામાં પણ અટકેલું નથી એવું મન. એનો અર્થ છે પૂર્ણ મુક્તતા અને આવી મુક્તતામાં પ્રચંડ શક્તિ રહેલી છે, કારણ કે તેમાં સંઘર્ષ નથી. કોઈ અધીરાઈ નથી. કોઈ કહેતા કોઈ નથી. બરોબર છે સજ્જનો?

*મદ્રાસ, ૧૯૭૯, સંવાદ ૩*

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા કેન્દ્ર હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજી ના બધા પુસ્તકો, ડીવ્હીડી ઉપલબ્ધ છે. બાલ આનંદ-બાલવિકાસ કેન્દ્ર, મુંબઈ સ્થિત આ કેન્દ્ર સાથે સલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવાર અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપ અને સંવાદોની વ્હીડીયો નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ દર ગુરૂવારે સમુહ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યુ છે.

સેંટ ઝેવિયર્સ કોલેજમાં હર મહિના ના પહેલાં શુક્રવારે વ્હીડીયો નો કાર્યક્રમ હોય છે એને તેના પછી આવતા સોમવારે તે વિડીયોના વિષય પર સંવાદનું આયોજન કરવામાં આવે છે. મુંબઈમાં આવેલી કોલેજ અને શાળામાં વિદ્યાર્થી અને શિક્ષક સાથે સંવાદનો કાર્યક્રમ સંસ્થા યોજે છે.

સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
બોમ્બે એક્ઝીક્યુટીવ કમિટી, હિંમત નિવાસ,
૩૧, ડોંગરસી રોડ, મલબાર હિલ,
મુંબઈ - ૪૦૦૦૦૬
દૂરધ્વની : ૨૩૬૩૩૮૫૬
ઈમેલ : kfimumbai@gmail.com

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણનો અભ્યાસ કરવા ઈચ્છીત વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્ય નો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેજ અભ્યાસકેન્દ્રની તેમજ પુસ્તક વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવશે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઈચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્ર ના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલદ્વારા બબર કરવી. કૃપા કરી તમારુ સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઈમેલ હોય તો તે જાણાવશો

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006. Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Translation : Harshad Panchal Designed by Eurythmic Designs, Rite-Print-Pak, Mumbai- 400 013. E-mail : info@Eurythmicdesigns.com • Editor : Indira Doctor*